સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 14

[MAR/APR - 2020]
[29/03/20 to 04/04/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- COVID-19 પરીક્ષણ માટે ટેસ્ટિંગ કિટ બનાવવાની મંજૂરી મેળવનાર MyLab ભારતની પ્રથમ સ્વદેશી કંપની બની
- ભારતમાં રાષ્ટ્રીય ટેલિફોન પરામર્શ સેન્ટર-કોનટેક (National Teleconsultation Centre-CoNTeC) લોન્ચ
- ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રૂ. 48,000 કરોડની ત્રણ યોજનાઓને મંજૂરી
- હિમાચલ પ્રદેશ 100 ટકા LPG ગેસની સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું
- PPF સહિત ભારતમાં વિવિધ નાની બચત યોજનાઓના વ્યાજદરમાં ઘટાડો
- કોરોના મહામારીનો સામનો કરવા માટે ફંડ એકત્ર કરવા ભારત સરકાર દ્વારા ‘PM CARES FUND’ની રચના


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**29 MARCH, 2020 SUNDAY**

## ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અર્ર-રિનામ' (Arr-Rinam) શું છે ?



**'અર્ર-રિનામ' (Arr-Rinam)** એ એક **આદિજાતિ લોકડાઉન અનુષ્ઠાન** છે.

- તાજેતરમાં 26 માર્ચ 2020ના રોજ **અરૂણાચલ પ્રદેશમાં** તેનું આયોજન કરવામાં આવ્યું છે.
- **COVID-19 મહામારી**ના પ્રકોપથી બચવા માટે **અરૂણાચલ પ્રદેશ**ના **પશ્ચિમી સિયાંગ** જિલ્લામાં આ લોકડાઉનનો પ્રારંભ થયો હતો.
- અરૂણાચલ પ્રદેશના **'ગાલો'** નામના **આદિજાતિ સમૂહ** દ્વારા આ **'અર્ર-રિનામ'** નામના લોકડાઉન અનુષ્ઠાનનું આયોજન થયું હતું.
- આ લોકડાઉનનો મુખ્ય ઉદ્દેશ મહામારી વધે એ પહેલા જ તેને રોકવાનો હતો.

**નોંધ :** (1) અરૂણાચલ પ્રદેશ ભૌગોલિક રીતે **ચીનના હુબઈ** પ્રાંતથી ખૂબ જ નજીકનું રાજ્ય છે.

(2) **ચીનના હુબઈ** પ્રાંતના **વુહાન** ખાતેથી જ કોરોના વાઈરસના પ્રકોપનો પ્રારંભ થયો હતો.

(3) **'અર્ર-રિનામ'** ઉપરાંત **અરૂણાચલ પ્રદેશ**ના વિવિધ પ્રદેશોમાં વિવિધ આદિજાતિ સમૂહો દ્વારા **કોરોનાના પ્રકોપ**થી બચવા માટે **'મોટોર' (Motor)** **'અર્રુએ' (Arrue)**, **'ખ્યાસંગ-રાતાર' (Khyasang-Ratar)** અને **'મેરી' (Meri)** જેવા અનુષ્ઠાનોનું આયોજન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ WHOના Solidarity Trialમાં ભારત સામેલ

**કોરોના વાઈરસ**ના ઈલાજ માટે વૈશ્વિક સ્તરે દવાની શોધ માટે **WHO** એટલે કે **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન** દ્વારા **'Solidarity Trial'**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- 27 માર્ચ 2020ના રોજ **ભારતે** પણ આ ટ્રાયલમાં ભાગ લેવાની જાહેરાત કરી છે.
- કોરોના વાઈરસથી પ્રભાવિત દર્દીઓના ઈલાજ માટે Solidarity Trial અંતર્ગત **ચાર** અલગ અલગ દવાઓનું સંયોજન કરીને સંશોધન કરવામાં આવશે.
- આ ચાર દવાઓમાં –

  (1) Remdesivir (2) Ritonavir (3) Plus InterFeron Beta અને
  (4) Chloroquine નો સમાવેશ થાય છે.

## WHO



WHOનું પૂરું નામ World Health Organisation છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે આવેલું છે.

## ➢ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'જુબા શાંતિ વાર્તા' શું છે ?

જુબા એ દક્ષિણ સુદાનની રાજધાની છે.

- તાજેતરમાં માર્ચ 2020 દરમિયાન દક્ષિણ સુદાનની રાજધાની જુબા ખાતે એક શાંતિ વાર્તાનું આયોજન થયું હતું.
- દક્ષિણ સુદાનની સરકાર અને દક્ષિણ સુદાનના વિદ્રોહી જૂથો વચ્ચે આ શાંતિ વાર્તા યોજાઈ હતી.
- જુબા ખાતે યોજાયેલી આ શાંતિ વાર્તામાં સુદાનના સંરક્ષણ મંત્રી શ્રી જમાલ એલ્ડિન ઉમર ઈબ્રાહિમનું નિધન થયું હતું.
- આથી આ શાંતિ વાર્તા હાલ ચર્ચામાં છે.

## ➢ કોરોના સંક્રમણના નિદાન માટે ICMR દ્વારા 5 લાખ એન્ટીબોડી કિટનો ઓર્ડર

ભારતમાં કોરોના સંક્રમિત વ્યક્તિઓના નિદાન માટે ICMR એટલે કે Indian Council of Medical Research દ્વારા 5 લાખ એન્ટીબોડી કિટ ઉપલબ્ધ કરાવવા માટે તેના નિર્માતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

- Antibody Kit અંતર્ગત Polymerase Chain Reaction (PCR) કિટનો ઉપયોગ કરીને Ribonucleic (RNA) પરીક્ષણ કરવામાં આવે છે.
- જેનાથી કોરોના વાઈરસનું સંક્રમણ ધરાવતા સંભવિત વ્યક્તિની ઓળખ કરી શકાય છે.
- જોકે, આ કિટની મદદથી કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત છે કે નહિ તે ચોક્કસ પણે જાણી શકાતું નથી.
- આમ છતાં કોરોના સંક્રમિત વ્યક્તિઓના ખૂબ જ ઝડપથી અને સરળતાથી સ્કિનિંગ માટે આ Antibody Kit ખૂબ જ ઉપયોગી છે.
- કેમ કે, હાલ ભારત દ્વારા કોરોના સંક્રમણની તપાસ માટે પરંપરાગત RT-PCR એટલે કે Reverse Transcription-Polymerase Chain Reaction પરીક્ષણ કરવામાં આવે છે.
- આ પરીક્ષણ ખૂબ જ જટિલ અને મોંઘું છે.
- આથી, ભારતમાં કોરોના સંક્રમણની ઝડપી તપાસ માટે આ Antibody Kitનો ઓર્ડર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICMR

**<u>ICMR</u>નું પૂરું નામ <u>Indian Council of Medical Research</u> છે.**

- ICMR એ ભારતમાં બાયોમેડિકલ રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે તેની રચના અને સંકલન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.
- તે વિશ્વની સૌથી જૂની તબીબી સંસ્થાઓમાંની એક છે.
- આ સંસ્થાને ભારત સરકારના <u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય</u> દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- <u>IRFA (Indian Research Fund Association)</u> તરીકે તેની સ્થાપના <u>1911</u>માં થઈ હતી.
- <u>1949</u>માં તેનું નામ બદલીને <u>ICMR</u> કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

“સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
“ICE DAILY DOSE””




ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહીં કલિક કરો

## ICE Questions

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અર્ર–રિનામ' શું છે ?
   (A) માછલીની એક પ્રજાતિનું નવું નામ
   (B) અફઘાનિસ્તાનમાં શરૂ કરવામાં આવેલી યોજના
   (C) કોરોના વાઈરસની નવી રસીનું એક નામ
   (D) આદિજાતિ લોકડાઉન અનુષ્ઠાન **(D)**

2. કોરોના મહામારીના પ્રકોપથી બચવા માટે ભારતના કયા રાજ્યમાં 'અર્ર–રિનામ' ઉપરાંત 'મોટોર', 'અર્રુએ', 'ખ્યાસંગ રાતાર' અને 'મેરી' જેવા અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવ્યું હતું ?
   (A) અરૂણાચલ પ્રદેશ (B) ત્રિપુરા (C) મણિપુર (D) સિક્કિમ **(A)**

3. કોરોના મહામારીના ઈલાજ માટે વૈશ્વિક સ્તરે દવાની શોધ માટે કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલી 'Solidarity Trial' માં ભારત સામેલ થયું છે ?
   (A) WEF (B) World Bank (C) WHO (D) UNESCO **(C)**

4. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલ શાંતિવાર્તા દરમિયાન દક્ષિણ સુદાનના સંરક્ષણ મંત્રી શ્રી જમાલ એલ્ડન ઉમર ઈબ્રાહિમનું નિધન થયું હતું ?
   (A) તોન્જ (B) રાગા (C) જુબા (D) રુમ્બેક **(C)**

5. કોરોના સંક્રમણના નિદાન માટે ICMR દ્વારા વિવિધ નિર્માતાઓને ભારતમાં કેટલી એન્ટીબોડી કિટ ઉપલબ્ધ કરાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે ?
   (A) 1 લાખ (B) 2 લાખ (C) 5 લાખ (D) 10 લાખ **(C**

6. કોરોના સંક્રમણની તપાસ માટે ભારત દ્વારા હાલ (29 માર્ચ 2020ની સ્થિતિએ) કયું પરંપરાગત પરીક્ષણ કરવામાં આવે છે ?
   (A) RT-PCR (B) FT-PCR (C) MT-PCR (D) LT-PCR **(A)**

7. RT-PCRનું પૂરું નામ શું છે ?
   (A) Reserve Transcription - Polymerase Chain Reaction
   (B) Reverse Transcription - Polymerase Chain Reaction
   (C) Research Transcription - Polymerase Chain Reaction
   (D) Reservoir Transcription - Polymerase Chain Reaction **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ ICMRના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું પૂરું નામ Indian Council of Medical Research છે.
   2. તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
   3. IRFA તરીકે તેની સ્થાપના 1949માં થઈ હતી.
   (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 2 **(C)**

**30 MARCH, 2020 MONDAY**

## ➤ COVID-19 પરીક્ષણ માટે ટેસ્ટિંગ કિટ બનાવવાની મંજૂરી મેળવનાર MyLab ભારતની પ્રથમ સ્વદેશી કંપની બની



ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી હેલ્થ સેક્ટરની પ્રાઈવેટ કંપની MyLabને COVID-19 પરીક્ષણ માટે ટેસ્ટિંગ કિટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ સાથે જ MyLab COVID-19 પરીક્ષણ માટે ટેસ્ટિંગ કિટ બનાવવાની મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ સ્વદેશી કંપની બની ગઈ છે.
- ભારતમાં 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક તથા કેન્દ્ર સરકારના સહયોગથી MyLab દ્વારા આ ટેસ્ટિંગ કિટનું નિર્માણ કરવામાં આવશે.
- MyLab દ્વારા તૈયાર થનાર આ કિટનું પૂરું નામ MyLab PathoDetect Covid-19 Qualitative PCR Kit છે.
- આ કિટના નિર્માણમાં WHO અને CDC (Centers For Disease Control and Prevention)ની ગાઈડલાઈનનું પણ ધ્યાન રાખવામાં આવશે.

**નોંધ :** MyLabનું પૂરું નામ MyLab Discovery Solutions Private Limited છે.

## ➤ હિમાચલ પ્રદેશ 100 ટકા LPG ગેસની સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

ભારતના હિમાચલ પ્રદેશમાં 'હિમાચલ ગૃહિણી સુવિધા યોજના' અંતર્ગત હિમાચલ પ્રદેશના લગભગ તમામ ઘરોમાં LPG સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

- આ સાથે જ હિમાચલ પ્રદેશ 100 ટકા LPG સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના**ના અમલ બાદ બાકી રહી ગયેલા ઘરોમાં LPG સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે હિમાચલપ્રદેશ સરકાર દ્વારા **મે 2018**માં **'હિમાચલ ગૃહિણી સુવિધા યોજના'** લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત 27 ડિસેમ્બર, 2019 સુધીમાં 2.64 લાખ LPG ગેસ કનેકશન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

**નોંધ :** LPGનું પૂરું નામ **Liquefied Petroleum Gas** છે.

## ➢ ભારતમાં કોરોના વાઈરસના ઈલાજ માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીન આવશ્યક દવા જાહેર

ભારતમાં કેન્દ્ર સરકારે **કોરોના વાઈરસ**ના ઈલાજ માટે **હાઈડ્રોક્સીક્લોરોક્વીન** નામની દવાને **આવશ્યક** દવા જાહેર કરી છે.

- અને તેનો **Drugs and Cosmetics Act**ની **અનુસૂચિ H1**માં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આથી, હવે ભારતમાંથી આ દવાની **નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ** લાગી ગયો છે.
- ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા **હાઈડ્રોક્સીક્લોરોક્વીન** ઉપરાંત તેની **ફોર્મ્યુલાથી બનતી તમામ દવાઓનો** અનુસૂચિ H1માં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ અનુસૂચિમાં સામેલ દવાઓને અધિકૃત ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચી શકાતી નથી. આ ઉપરાંત દવા વેચનારે ડોક્ટરની આ ચિઠ્ઠી ડ્રગ વિભાગ પાસે જમા કરાવવી અનિવાર્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

### H1 અનુસૂચિ

ભારતમાં Drugs and Cosmetics Act અંતર્ગત વર્ષ **2013**માં આ અનુસૂચિ H1નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

- આ અનુસૂચિ અંતર્ગત એઈડ્સ સહિતની ગંભીર બિમારીઓની દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ➢ ભારતમાં રાષ્ટ્રીય ટેલિફોન પરામર્શ સેન્ટર-કોનટેક (National Teleconsultation Centre-CoNTeC) લોન્ચ

28 માર્ચ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય** દ્વારા **National Teleconsultation Centre-CoNTeC**નો શુભારંભ કરવામાં આવ્યો છે.



## CoNTeC શું છે ?

CoNTeCનું પૂરું નામ 'COVID-19 National Teleconsultation Centre' છે.

- CoNTeC એ એક ટેલીમેડિસિન સેન્ટર છે.
- ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી AIIMS (All India Institute of Medical Sciences)માં આ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

## આ સેન્ટરની સ્થાપનાનો ઉદ્દેશ

કોરોના મહામારીના પ્રકોપનો સામનો કરવા માટે ભારતના નાના રાજ્યના ડોક્ટરો AIIMSના ડોક્ટરોના અનુભવનો લાભ લઈ શકે તે માટે આ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

- આ સેન્ટરમાં વિવિધ ચિકિત્સા ક્ષેત્રના વિદ્વાન ડોક્ટરો 24 કલાક ઉપલબ્ધ રહેશે.
- આ ડોક્ટર સાથે ફોન પર અથવા તો વીડિયો પર દેશના વિવિધ ડોક્ટરો કોરોના મહામારી સામે લડવા માટે માર્ગદર્શન મેળવી શકશે.
- આ સેન્ટરની સ્થાપનાનો અન્ય એક ઉદ્દેશ કોરોના પ્રોટોકોલનો સમગ્ર દેશમાં એકસમાન અમલ થાય તે પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. COVID-19 પરીક્ષણ માટે ટેસ્ટિંગ કિટ બનાવવાની મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ સ્વદેશી કંપની કઈ છે ?
   (A) MyLab અથવા MyLab Disease Solutions Pvt Ltd.
   (B) MyLab અથવા MyLab Direct Solutions Pvt Ltd.
   (C) MyLab અથવા MyLab Discovery Solutions Pvt Ltd.
   (D) MyLab અથવા MyLab Daily Solutions Pvt Ltd. **(C)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ MyLaB ભારતના કયા શહેરમાં આવેલી હેલ્થ સેક્ટરની પ્રાઈવેટ કંપની છે ?
   (A) બેંગાલુરુ (B) મૈસુર (C) ઈન્દોર (D) પૂણે **(D)**

3. 100 ટકા LPG ગેસની સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
   (A) હરિયાણા (B) હિમાચલ પ્રદેશ (C) તમિલનાડુ (D) કેરળ **(B)**

4. ભારતમાં કોરોના વાઈરસના ઈલાજ માટે કેન્દ્ર સરકારે કઈ દવાને આવશ્યક દવા જાહેર કરી છે ?
   (A) હાઈડ્રોક્સીક્લોરોનાઈન (B) હાઈડ્રોક્સીક્લોરોક્વીન
   (C) હાઈડ્રોક્સીક્લોરોકાર્બન (D) હાઈડ્રોક્સીક્લોરોફોસ્ફેટ **(B)**

5. ભારતમાં કોરોના વાઈરસના ઈલાજ માટે હાઈડ્રોક્સીક્લરોક્વીન દવાને આવશ્યક દવા જાહેર કરીને તેનો Drugs and Cosmetics Actની કઈ અનુસૂચિમાં સમાવેશ કર્યો છે ?
(A) E1 (B) H1 (C) N1 (D) L1 **(B)**

6. 28 માર્ચ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા કયું નેશનલ ટેલિકન્સલ્ટેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે ?
(A) કોનટેક (B) કોરોટેક (C) કોરોકેર (D) કોનકેર **(A)**

7. કોનટેક (CoNTeC)નું પૂરું નામ શું છે ?
(A) COVID-19 National Telecom Centre
(B) COVID-19 National Telecommunication Centre
(C) COVID-19 National Telegram Centre
(D) COVID-19 National Teleconsultation Centre **(D)**

8. ભારતની કઈ સંસ્થામાં ટેલીમેડિસિન સેન્ટર કોનટેક (CoNTeC)નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(A) AIIMS, દિલ્હી (B) AIIMS, મુંબઈ
(C) AIIMS, બેંગાલુરુ (D) AIIMS, કોલકાતા **(A)**

## 31 MARCH, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day




કોમ્પ્યુટર તથા સ્માર્ટ ફોનમાં રહેલા પર્સનલ તથા પ્રોફેશનલ ડેટાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે વિશ્વના કેટલાક દેશોમાં દર વર્ષે **31 માર્ચ**ના રોજ **'World Backup Day'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આજનો માનવી દિવસેને દિવસે ટેક્નોલોજી પર વધુ નિર્ભર થતો જાય છે. આથી, વર્તમાન સમયે ડિજિટલ ડોકયુમેન્ટની સુરક્ષા ખૂબ જ અગત્યનો મુદ્દો છે.
- 31 માર્ચના રોજ 'વર્લ્ડ બેકઅપ ડે'ની ઉજવણી દ્વારા આ દિવસ, કોઈ દુર્ઘટનાને કારણે ડેટા લોસ થઈ જાય એ પહેલા જ તેનું બેકઅપ લેવાની યાદ અપાવે છે.

## ➤ કોરોના પ્રકોપ સામે લડવા ભારત સરકારની મદદ માટે ભારતની સેના દ્વારા 'ઓપરેશન નમસ્તે' અભિયાન લોન્ચ




COVID-19 અથવા તો કોરોના મહામારી સામેની લડતમાં ભારત સરકારની મદદ કરવા માટે 28 માર્ચ 2020ના રોજ ભારતની સેના દ્વારા 'ઓપરેશન નમસ્તે' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ અભિયાન અંતર્ગત કોરોના મહામારીનો સામનો કરવા માટે ભારતની સેના દ્વારા ભારત સરકારને શક્ય હશે એટલી તમામ મદદ કરવામાં આવશે.
- જોકે, આ અભિયાન અંતર્ગત સૌપ્રથમ ભારતીય સેનાના જવાનો અને તેમના પરિવાજનોને આ મહામારીથી બચાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ માટે હેલ્પલાઈન નંબર તથા આર્મી કેમ્પમાં મેડિકલ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- ભારતમાં આવેલી વિવિધ 28 સશસ્ત્ર દળ હોસ્પિટલોને COVID હોસ્પિટલ તરીકેની ઓળખ આપવામાં આવી છે. જેમાં સશસ્ત્ર દળ ઉપરાંત રાજ્યના અન્ય નાગરિકોની પણ સારવાર કરી શકાશે.
- આ ઉપરાંત ભારતની આર્મી, નેવી અને એરફોર્સની 5 હોસ્પિટલોમાં RT-PCR પદ્ધતિથી કોરોના વાઈરસનું પરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે. આ સુવિધા સેનાની અન્ય હોસ્પિટલોમાં પણ શરૂ કરવામાં આવશે.

**નોંધ :** (1) આ અભિયાન અંતર્ગત તાજેતરમાં ભારતના ગોવામાં ફેસ માસ્ક પહોંચાડવા માટે ભારતની નૌસેના દ્વારા ઈલ્યુશિન (IL) 38 SD નામના એરક્રાફ્ટ એટલે કે વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) RT-PCRનું પૂરું નામ Reverse Transcription-Polemerase Chain Reaction છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ લોકડાઉન બાદ ભારતમાં સામાન્ય સ્થિતિનું નિર્માણ કરવા શ્રી પી. કે. મિશ્રાની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના

21 દિવસના લોકડાઉનની સમાપ્તિ બાદ **ભારતમાં સામાન્ય સ્થિતિનું નિર્માણ** કરવા માટે **પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)** દ્વારા એક **ઉચ્ચ સ્તરીય સમિતિ**ની રચના કરવામાં આવી છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ **શ્રી પી. કે. મિશ્રા** આ સમિતિના **અધ્યક્ષ** રહેશે.
- ભારતમાં આરોગ્યની દેખરેખ અને ભારતીય અર્થતંત્રની સ્થિતિમાં સુધારો કરવા માટે વિવિધ ઉપાયોની આ ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવશે.
- આ સમિતિમાં જુદી–જુદી કામગીરી માટે જુદા જુદા ગ્રુપ બનાવવામાં આવ્યા છે. આ દરેક ગ્રુપમાં **6-6 સભ્યો** હશે.

### ICE Questions®

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'World Backup Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 28 માર્ચ (B) 29 માર્ચ (C) 30 માર્ચ (D) 31 માર્ચ **(D)**

2. કોરોના મહામારી સામે લડવા ભારત સરકારની મદદ માટે ભારતીય સેના દ્વારા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) ઓપરેશન COVID-19 (B) ઓપરેશન સલામ
   (C) ઓપરેશન નમસ્તે (D) ઓપરેશન પ્રણામ **(C)**

3. કોરોના મહામારી સામે લડવા ભારત સરકારની મદદ માટે ભારતમાં કોના દ્વારા 'ઓપરેશન નમસ્તે' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) ICMR અથવા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ
   (B) નીતિ આયોગ (C) કેન્દ્રીય ગૃહ મંત્રાલય (D) ભારતની સેના **(D)**

4. ભારતના કયા રાજ્યમાં ફેસ માસ્ક પહોંચાડવા માટે ભારતની નૌસના દ્વારા ઈલ્યુશિન (IL) 38 SD નામના એરક્રાફટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
   (A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) ગોવા (D) તેલંગાણા **(C)**

5. લોકડાઉન બાદ ભારતમાં સામાન્ય સ્થિતિનું નિર્માણ કરવા માટે વિવિધ ઉપાયોની ભલામણ કરવા કોની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
   (A) શ્રી પી. કે. મિશ્રા (B) શ્રી આર. કે. પાટિલ
   (C) શ્રી એમ. કે. જૈન (D) શ્રી આર. એમ. શર્મા **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1 APRIL, 2020 WEDNESDAY

## ➢ ભારતમાં ફસાયેલા વિદેશી નાગરિકોની સહાયતા માટે ભારત સરકાર દ્વારા 'સ્ટ્રેન્ડેડ ઈન ઈન્ડિયા' પોર્ટલ લોન્ચ

કોરોના મહામારીને કારણે ભારતમાં 25 માર્ચથી 14 એપ્રિલ 2020 દરમિયાન 21 દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.

- આ લોકડાઉન દરમિયાન વિદેશથી ભારતમાં આવેલા અનેક પર્યટકો ભારતના વિવિધ સ્થળોએ ફસાઈ ગયા છે.
- આથી, ભારતમાં ફસાયેલા આવા વિદેશી પર્યટકોની સહાયતા માટે ભારત સરકાર દ્વારા 'સ્ટ્રેન્ડેડ ઈન ઈન્ડિયા' (Strended in India) web portal શરૂ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલ દ્વારા વિદેશી પર્યટકોની સહાયતા માટે વિવિધ માહિતી તથા હેલ્પલાઈન નંબર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

## ➢ ભારતમાં માળખાગત સુવિધાના વિકાસ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) 10 કરોડ ડોલરનું રોકાણ કરશે




એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા ભારતમાં માળખાગત સુવિધાના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં 10 કરોડ ડોલર અથવા તો 100 મિલિયન ડોલરના રોકાણની જાહેરાત કરવામાં આવી છે.

- ADB દ્વારા ભારત સરકારને આ સહાય National Investment and Infrastructure Fund (NIIF) દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક NIIFમાં 10 કરોડ ડોલરથી વધુ રકમનું રોકાણ કરશે.
- એશિયન ડેવલપમેન્ટ બેન્કની આ સહાયથી ભારતમાં માળખાગત સુવિધાના વિકાસમાં મદદ થશે.

## Asian Development Bank (ADB)

એશિયન ડેવલપમેન્ટ બેન્ક એ એક પ્રાદેશિક વિકાસ બેન્ક છે.

- એશિયાઈ દેશોના આર્થિક વિકાસમાં સહાયતા કરવાના ઉદ્દેશથી 19 ડિસેમ્બર, 1966ના રોજ આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારત સહિત 31 દેશો દ્વારા આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- 1 એપ્રિલ 2020ની સ્થિતિએ આ બેન્કમાં હાલ 68 સભ્ય દેશો છે.
- તેનું વડુંમથક ફિલિપિન્સના મનિલામાં અથવા તો ફિલિપિન્સના મેટ્રો મનિલા પ્રદેશના મન્ડાલ્યુયોન્ગ નામના શહેરના Origas Centerમાં આવેલું છે.

## ➢ લોકડાઉન દરમિયાન નાગરિકોને ઈ-પાસ ઉપલબ્ધ કરાવવા ઝારખંડ સરકાર દ્વારા 'પ્રગયામ' એપ લોન્ચ

ભારતમાં ઝારખંડ સરકાર દ્વારા તાજેતરમાં 'પ્રગયામ' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.

- લોકડાઉન દરમિયાન નાગરિકોને ઈ-પાસ ઉપલબ્ધ કરાવવા માટે ઝારખંડ સરકાર દ્વારા આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- લોકડાઉન દરમિયાન ભારતમાં સામાન્ય વાહન વ્યવહાર પર પ્રતિબંધ છે.
- જોકે, જીવન જરૂરિયાતની આવશ્યક વસ્તુઓની હેરફેર કરતા વાહનોને આ માટે પરવાનગી આપવામાં આવી છે.
- આથી, આવા વાહનોને રોડ પર હેરફેર માટે ઓનલાઈન ઈ–પાસ મળી રહે તે માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.

## ➢ કોરોના મહામારીનો સામનો કરવા માટે ફંડ એકત્ર કરવા ભારત સરકાર દ્વારા 'PM CARES Fund'ની રચના

કોરોના મહામારીનો સામનો કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'PM CARES FUND' ની રચના કરવામાં આવી છે.

### 'PM CARES Fund'નું પૂરું નામ શું છે ?

'PM CARES FUND'નું પૂરું નામ Prime Minister's Citizen Assistance and Relief in Emergency Situations Fund (આપત્તિની સ્થિતિમાં વડાપ્રધાન નાગરિક સહાયતા અને રાહત ફંડ) છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM CARES Fundના સભ્યો

**PM CARES Fund એ એક જાહેર ધર્માદા ટ્રસ્ટ (Public Charitable Trust) છે.**

- ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** આ ટ્રસ્ટના **અધ્યક્ષ** છે.
- આ ટ્રસ્ટના સભ્યોમાં નીચેના વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
  (1) ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી (અધ્યક્ષ)
  (2) ભારતના નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન (સભ્ય)
  (3) ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ (સભ્ય)
  (4) ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહ (સભ્ય)
- આ ફંડમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ રકમનું દાન કરી શકે છે.




## Prime Minister's National Relief Fund

ભારતમાં આ અગાઉ જાન્યુઆરી 1948માં **Prime Minister's National Relief Fund (PMNRF)**ની રચના કરવામાં આવી હતી.

- એ સમયે પાકિસ્તાનમાંથી ભારતમાં આવેલા વિસ્થાપિતોની મદદ માટે ફંડ એકત્ર કરવા ભારતના તત્કાલીન વડાપ્રધાન **શ્રી જવાહરલાલ નહેરુ** દ્વારા આ ફંડની રચના કરવામાં આવી હતી.
- જોકે, ભારતમાં હાલ પૂર, ચક્રવાત, ભૂકંપ, કોમી રમખાણ વગેરે જેવી આપત્તિમાં મૃત્યુ પામેલા લોકોના પરિવાર જનોને મદદ કરવા માટે આ ફંડમાંથી નાણાં આપવામાં આવે છે.

**નોંધ :** ઈન્કમ ટેક્સ એક્ટ, 1961ની કલમ 80(G) અનુસાર પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડ (PMNRF)માં આપવામાં આવેલી રકમને **કરપાત્ર આવકમાંથી મુક્તિ** આપવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. કોરોના લોકડાઉનના કારણે ભારતમાં ફસાયેલા વિદેશી નાગરિકોની સહાયતા માટે ભારત સરકાર દ્વારા કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) સ્ટાન્ડર્ડ ઈન ઈન્ડિયા (B) સ્ટેન્ડ ઈન ઈન્ડિયા
(C) સ્ટ્રેન્ડેડ ઈન ઈન્ડિયા (D) સ્ટે ઈન ઈન્ડિયા **(C)**

2. ભારતમાં લોન્ચ કરવામાં આવેલા 'સ્ટ્રેન્ડેડ ઈન ઈન્ડિયા' પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) કોરોના મહામારી દરમિયાન વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોની મદદ કરવી.
(B) કોરોના લોકડાઉન દરમિયાન નાગરિકોનો સ્ટ્રેસ ઓછો કરવો.
(C) કોરોના મહામારી દરમિયાન વિદેશી પર્યટકોને ભારતમાં આવતા રોકવા.
(D) કોરોના લોકડાઉન દરમિયાન ભારતમાં ફસાયેલા વિદેશી પર્યટકોની સહાયતા કરવી. **(D)**

3. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં કેટલા રૂપિયાનું રોકાણ કરવાની એશિયન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા જાહેરાત કરવામાં આવી છે ?
(A) 10 મિલિયન ડોલર (B) 100 મિલિયન ડોલર
(C) 150 મિલિયન ડોલર (D) 200 મિલિયન ડોલર **(B)**

4. લોકડાઉન દરમિયાન નાગરિકોને ઈ–પાસ ઉપલબ્ધ કરાવવા માટે ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા 'પ્રગયામ' નામની એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) ઉત્તરાખંડ (B) છત્તીસગઢ (C) ઝારખંડ (D) કેરળ **(C)**

5. કોરોના મહામારીનો સામનો કરવા ભારતમાં ફંડ એકત્ર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કયા ફંડ અથવા તો ટ્રસ્ટની રચના કરવામાં આવી છે ?
(A) PM CARES Fund (B) PM CORE Fund
(C) PM Relief Fund (D) PM CORONA Fund **(A)**

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'PM CARES Fund'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ Prime Minister's Citizen Assistance and Relief in Emergency Situations Fund છે.
2. ભારતના વડાપ્રધાન તેના અધ્યક્ષ છે.
3. તેના સભ્યોમાં કેન્દ્રીય નાણાંમંત્રી, વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીનો સમાવેશ થાય છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 2 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 2 APRIL, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : ચૈત્ર સુદ નોમ**

(1) રામનવમી (ભગવાન શ્રી રામ જન્મદિન)
(2) શ્રી સ્વામિનારાયણ જયંતી (ભગવાન શ્રી સ્વામિનારાયણ જન્મદિન)

**2 એપ્રિલ**

(1) Interanational Children's Book Day
(2) World Autism Awareness Day (Autism અથવા તો ઓટીઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર્સ એ માનવ શરીરની, માનવ મગજની એક સમસ્યા છે. આ ખામી ધરાવનાર વ્યક્તિને તે જે જુએ, સાંભળે તેને યોગ્ય રીતે સમજવામાં તકલીફ પડે છે.)

➤ **ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રૂ. 48,000 કરોડની ત્રણ યોજનાઓને મંજૂરી**

ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય મંત્રી મંડળે ત્રણ યોજનાને મંજૂરી આપી છે.

- આ ત્રણ યોજના અંતર્ગત કુલ રૂપિયા 48,000 કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારે મંજૂર કરેલી આ ત્રણ યોજનાઓ આ પ્રમાણે છે :
  (1) ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના (Production-Linked Incentive Scheme)
  (2) ઈલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવાની યોજના અને
  (3) ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડક્ટરોના મેન્યુફેક્ચરિંગ માટે પ્રોત્સાહન યોજના

### ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના

આ યોજના અંતર્ગત મોબાઈલ સહિત વિવિધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનું ભારતમાં વધુમાં વધુ ઉત્પાદન થાય તે માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

- આ માટે રૂ. 41,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ભારતમાં જે કંપનીઓ પોતાનું ઉત્પાદન અને વેચાણ વધારશે તેમને ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- જેમાં આ યોજના અંતર્ગત **આધાર વર્ષ બાદના પાંચ વર્ષ દરમિયાન** ઉત્પાદિત માલના વધારાના વેચાણ પર પાત્ર કંપનીઓને **4થી 6 ટકાનું** ઈન્સેન્ટીવ (પ્રોત્સાહન રૂપે આર્થિક સહાય) આપવામાં આવશે.
- આ યોજનાથી ભારતમાં મોબાઈલ ફોન તથા વિશિષ્ટ ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરતી કંપનીઓને લાભ થશે.

## ઈલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવાની યોજના

ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા એક જ સ્થળે બધી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ માટે ભારતમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા **ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરો**ને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ માટે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓનું ઉત્પાદન કરતા ક્લસ્ટરોને **પ્રતિ ક્લસ્ટર્સ પ્રતિ 100 એકરે રૂ. 70 કરોડ**ની સહાય આપવામાં આવશે.
- આ માટે ભારતના **મેદાની વિસ્તારો**માં **ઓછામાં ઓછા 200 એકર** વિસ્તારમાં અને **પહાડી વિસ્તારો તથા પૂર્વોત્તર ભારતમાં ઓછામાં ઓછા 100 એકર** વિસ્તારમાં ફેલાયેલા ક્લસ્ટર્સને આ યોજનાનો લાભ મળશે.
- આ ઉપરાંત આ યોજના અંતર્ગત **Common Facility Centre**ના નિર્માણ માટે કુલ ખર્ચની **75 ટકા** સુધીની સહાય આપવામાં આવશે.
- જોકે, આ સહાય વધુમાં વધુ **રૂ. 75 કરોડ** સુધીની હશે.
- આ યોજના અંતર્ગત **8 વર્ષ**માં કુલ **રૂ. 3762 કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

## ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડકટરોના મેન્યુફેક્ચરિંગ માટે પ્રોત્સાહન યોજના

ભારતમાં **ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડકટરો**ના ઉત્પાદન માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવા માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓમાં વપરાતા વિવિધ સ્પેરપાર્ટ્સ અને તેના ઘટકોના ઉત્પાદન માટે **ઉત્પાદન ખર્ચના 25 ટકા** સુધીની સહાય આપવામાં આવશે.
- આ યોજના માટે આશરે **રૂ. 3285 કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ

વર્તમાન સમયે ભારતના કુલ GDPમાં **ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ** ઉદ્યોગનો હિસ્સો **2.3 ટકા** છે.

- નાણાકીય વર્ષ **2014-15**માં ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન **રૂ. 1.90 લાખ કરોડ**નું હતું.
- જે નાણાકીય વર્ષ **2018-19**માં વધીને **રૂ. 4.85 લાખ કરોડ** થઈ ગયું છે.
- આ ઉપરાંત વિશ્વના કુલ ઈલેક્ટ્રોનિક્સના ઉત્પાદનમાં વર્ષ **2012**માં ભારતનો હિસ્સો **1.3 ટકા** હતો.
- જે વર્ષ **2018**માં વધીને **3.0 ટકા** થઈ ગયો છે.

## ➤ PPF સહિત ભારતમાં વિવિધ નાની બચત યોજનાઓના વ્યાજદરમાં ઘટાડો



31 માર્ચ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **PPF** સહિતની વિવિધ **નાની બચત યોજનાઓમાં** રોકાણ પર આપવામાં આવતા વ્યાજના દરોમાં **ઘટાડો** કરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે :

(1) નાણાકીય વર્ષ **2020-21**ના **એપ્રિલથી જૂન** સુધીના **પ્રથમ ત્રિમાસિક ગાળા** દરમિયાન **PPF (Public Provident Fund)** પરનો વ્યાજદર **7.9 ટકા**થી ઘટાડીને **7.1 ટકા** કરવામાં આવ્યો છે.

(2) **NSC (National Savings Certificate - રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર)** પરનો વ્યાજ દર **7.9 ટકા**થી ઘટાડીને **6.8 ટકા** કરવામાં આવ્યો છે.

(3) **1થી 3 વર્ષ** સુધીની **Fixed Deposite** પરનો વ્યાજ દર **6.9 ટકા**થી ઘટાડીને **5.5 ટકા** કરવામાં આવ્યો છે.

(4) જ્યારે **5 વર્ષની Fixed Deposite** પરનો વ્યાજ દર **7.7 ટકા**થી ઘટાડીને **6.7 ટકા** કરવામાં આવ્યો છે.

(5) **કિસાન વિકાસ પત્ર** પરનો વ્યાજ દર **7.6 ટકા**થી ઘટાડીને **6.9 ટકા** કરવામાં આવ્યો છે.

(6) **સુકન્યા સમૃદ્ધિ યોજના** પરનો વ્યાજ દર **8.4 ટકા**થી ઘટાડીને **7.6 ટકા** કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં વિવિધ બચત યોજનાઓના વ્યાજ દરમાં ફેરફાર

| ક્રમ | યોજના | વ્યાજ દર જૂનો (ટકામાં) | વ્યાજ દર નવો (ટકામાં) |
|---|---|---|---|
| 1. | Public Provident Fund (PPF) | 7.9 | 7.1 |
| 2. | રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર (NSC) | 7.9 | 6.8 |
| 3. | 1થી 3 વર્ષ સુધીની ફિક્સ ડિપોઝિટ | 6.9 | 5.5 |
| 4. | 5 વર્ષ સુધીની ફિક્સ ડિપોઝિટ | 7.7 | 6.7 |
| 5. | કિસાન વિકાસ પત્ર | 7.6 | 6.9 |
| 6. | સુકન્યા સમૃદ્ધિ યોજના | 8.4 | 7.6 |

**નોંધ :** (1) ભારતમાં RBI દ્વારા તાજેતરમાં રેપો રેટ, રિવર્સ રેપો રેટ અને CRRના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

(2) આથી, RBI દ્વારા વિવિધ વ્યાજ દરોમાં ઘટાડા બાદ ભારતમાં આ વિવિધ બચત યોજના પરના વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. ભારતમાં રામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતી તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) ચૈત્ર સુદ નોમ (B) ચૈત્ર વદ નોમ
(C) વૈશાખ સુદ નોમ (D) વૈશાખ વદ નોમ **(A)**

2. 'ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ (C) 3 એપ્રિલ (D) 4 એપ્રિલ **(B)**

3. 'વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ (C) 3 એપ્રિલ (D) 4 એપ્રિલ **(B)**

4. ભારતમાં ઈલેક્ટ્રોનિકસ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહ આપવા માટે કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા કુલ કેટલા રૂપિયાની ત્રણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે ?
(A) 24,000 કરોડ (B) 34,000 કરોડ
(C) 44,000 કરોડ (D) 48,000 કરોડ **(D)**

5. ભારતમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના અંતર્ગત આધાર વર્ષ બાદના પાંચ વર્ષ દરમિયાન ઉત્પાદિત માલના વધારાના વેચાણ પર પાત્ર ઈલેક્ટ્રોનિકસ કંપનીઓને કેટલા ટકા ઈન્સેન્ટીવ (અથવા તો પ્રોત્સાહન સહાય) આપવામાં આવશે ?
(A) 3 થી 5 ટકા (B) 4 થી 6 ટકા (C) 5 થી 7 ટકા (D) 6 થી 8 ટકા **(B)**

6. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ ક્લસ્ટર્સ પ્રતિ 100 એકર કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) 50 કરોડ (B) 70 કરોડ (C) 75 કરોડ (D) 80 કરોડ **(B)**

7. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સમાં નિર્માણ પામનાર Common Facility Centreના નિર્માણ માટે કુલ ખર્ચની કેટલા ટકા સુધીની સહાય આપવામાં આવશે ?
(A) 50 ટકા (B) 70 ટકા (C) 75 ટકા (D) 100 ટકા **(C)**

8. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડક્ટરોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે તેના ઉત્પાદન ખર્ચના કેટલા ટકા સુધીની સહાય આપવામાં આવશે ?
(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 40 ટકા **(B)**

9. નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતમાં PPF (Public Provident Fund) પરનો વ્યાજ દર 7.9 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 7.3 ટકા (B) 7.1 ટકા (C) 6.9 ટકા (D) 6.7 ટકા **(B)**

10. રાષ્ટ્રીય બચત પત્ર પરનો વ્યાજ દર 7.9 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 7.1 ટકા (B) 6.9 ટકા (C) 6.8 ટકા (D) 6.7 ટકા **(C)**

11. 1 થી 3 વર્ષ સુધીની ફિક્સ ડિપોઝિટ પરનો વ્યાજ દર 6.9 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 6.1 ટકા (B) 5.9 ટકા (C) 5.7 ટકા (D) 5.5 ટકા **(D)**

12. 5 વર્ષની ફિક્સ ડિપોઝિટ પરનો વ્યાજ દર 7.7 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 6.9 ટકા (B) 6.8 ટકા (C) 6.7 ટકા (D) 6.6 ટકા **(C)**

13. કિસાન વિકાસ પત્ર પરનો વ્યાજ દર 7.6 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 6.9 ટકા (B) 6.8 ટકા (C) 6.7 ટકા (D) 6.6 ટકા **(A)**

14. 'સુકન્યા સમૃદ્ધિ યોજના' પરનો વ્યાજદર 8.4 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 7.8 ટકા (B) 7.6 ટકા (C) 7.4 ટકા (D) 7.2 ટકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3 APRIL, 2020 FRIDAY

## ➤ ગુજરાતમાં સૌપ્રથમ વખત ઓનલાઈન કેબિનેટ બેઠકનું આયોજન

1 એપ્રિલ 2020ના રોજ ગુજરાતમાં **ઓનલાઈન કેબિનેટ બેઠકનું** આયોજન થયું હતું.

- ગુજરાતમાં યોજાયેલી આ **પ્રથમ ઓનલાઈન કેબિનેટ બેઠક** હતી.
- **વીડિયો કોન્ફરન્સ**ના માધ્યમથી યોજાયેલી આ ઓનલાઈન કેબિનેટની મીટિંગમાં કોરોના વાઈરસ અને લોકડાઉનના સંદર્ભે વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી.
- આ ઓનલાઈન કેબિનેટ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર** ખાતે આવેલા **મુખ્યમંત્રી નિવાસસ્થાને**થી ભાગ લીધો હતો.
- જ્યારે વિવિધ મંત્રીશ્રીઓએ ગુજરાતના **જિલ્લા મથકો**એ આવેલી **જિલ્લા કલેક્ટર કચેરીઓ**માંથી ભાગ લીધો હતો.

## ➤ COVID-19 સામે લડતા આરોગ્ય કર્મીઓ માટે વીમા યોજનાની જાહેરાત

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **COVID-19** અથવા તો **કોરોના મહામારી** સામે લડી રહેલા **આરોગ્ય કર્મીઓ** માટે એક **વીમા યોજના**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજનાનો સમયગાળો **90 દિવસ**નો રહેશે. એટલે કે 90 દિવસ સુધી આ યોજના અમલમાં રહેશે.
- આ યોજના અંતર્ગત આરોગ્ય કર્મીને **50 લાખ રૂપિયાનું** વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### આ યોજનાનો લાભ કોને મળશે ?

આ યોજનાનો લાભ લેવાની મુખ્ય શરતો આ પ્રમાણે છે :

(1) એવા સ્વાસ્થ્ય કર્મચારીઓ કે જેમને **કોવિડ-19ના દર્દીઓ** સાથે **સીધા જ સંપર્ક**માં રહેવાનું હોય, કે તેમની **સંભાળ રાખવા**ની હોય...કે જેનાથી તેમને કોરોના વાઈરસનો ચેપ લાગવાનો ખતરો હોય.

(2) આ યોજના અંતર્ગત કોવિડ-19 ચેપ લાગવાને કારણે આકસ્મિક મૃત્યુનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) અભૂતપૂર્વ પરિસ્થિતિને કારણે ખાનગી હોસ્પિટલના કર્મચારીઓ, સેવાનિવૃત્ત કર્મચારીઓ, સ્વયંસેવક, સ્થાનિક શહેરી મંડળના કર્મચારીઓ, કરાર આધારિત રાખવામાં આવેલા કર્મચારીઓ, દૈનિક વેતન પર કામ કરતા કર્મચારીઓ, ભારતના તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ કેન્દ્ર સરકારની હોસ્પિટલો, એઈમ્સ, INI તથા કેન્દ્રીય મંત્રાલયોની હોસ્પિટલો દ્વારા આઉટસોર્સ કરવામાં આવેલા કર્મચારીઓને પણ COVID-19 સંબંધિત કામગીરી માટે રાખી શકાશે. આથી આ કામગીરી માટે નિયુકત કરવામાં આવેલા ઉપરોકત કર્મચારીઓને પણ આ યોજનાનો લાભ મળશે. જોકે, આ માટે <u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય</u> દ્વારા નિર્દિષ્ટ સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવશે.

(4) જો લાભાર્થી વ્યક્તિએ અન્ય કોઈ વીમા કવચ લીધું હશે તો પણ તેને તેણે લીધેલા વીમા કવચની સહાય ઉપરાંત આ યોજના અંતર્ગત તેને આ વધારાની સહાય આપવામાં આવશે.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા <u>'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ'</u> અંતર્ગત આ યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

## ICE Questions

1. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી પ્રથમ ઓનલાઈન કેબિનેટ બેઠકના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

   1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બેઠકમાં તેમના રાજકોટ ખાતેના નિવાસ સ્થાનેથી ભાગ લીધો હતો.
   2. ગુજરાત રાજ્ય મંત્રીમંડળના વિવિધ સભ્યોએ જિલ્લા મથકોએ આવેલી કલેકટર કચેરીઓમાંથી તેમાં ભાગ લીધો હતો.

   (A) 1 અને 2　(B) ફકત 1
   (C) ફકત 2　(D) બેમાંથી એકપણ નહિ　**(C)**

2. ભારતમાં કોરોના મહામારી સામે લડતા આરોગ્ય કર્મીઓ માટે કેન્દ્ર સરકારે કેટલા દિવસ માટે વીમા યોજનાની જાહેરાત કરી છે ?

   (A) 30 દિવસ　(B) 60 દિવસ　(C) 90 દિવસ
   (D) કોરોનાનો પ્રકોપ દૂર ન થાય ત્યાં સુધી　**(C)**

3. ભારતમાં કોરોના મહામારી સામે લડતા આરોગ્ય કર્મીઓને કેન્દ્ર સરકાર દ્વારા કેટલા રૂપિયાનું વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) 25 લાખ (B) 50 લાખ (C) 60 લાખ (D) 75 લાખ **(B)**

4. ભારતમાં કયા પેકેજ અંતર્ગત કોરોના મહામારી સામે લડતા આરોગ્ય કર્મીઓને 50 લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવ્યું છે ?
(A) પ્રધાનમંત્રી રાહત નિધિ પેકેજ (B) પ્રધાનમંત્રી તબીબ સહાય પેકેજ
(C) પ્રધાનમંત્રી મેડિકલ સહાય પેકેજ (D) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ **(D)**

## 4 APRIL, 2020 SATURDAY

### ➤ કોરોનાના કેસોને ટ્રેક કરવા ભારતમાં 'આરોગ્ય સેતુ' નામની મોબાઈલ એપ લોન્ચ




ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં <u>'આરોગ્ય સેતુ' (Aarogya Setu)</u> નામની એક <u>મોબાઈલ એપ</u> લોન્ચ કરવામાં આવી છે.

- ભારતમાં <u>COVID-19</u> અથવા તો <u>કોરોના વાઈરસ વિશે</u> માહિતી આપવા માટે તેમજ <u>કોરોના સંક્રમિત વ્યક્તિ</u>ની ઓળખ માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા <u>જાહેર ખાનગી ભાગીદારી (Public Private Partnership-PPP)</u> મોડેલ અંતર્ગત આ એપ તૈયાર કરવામાં આવી છે.
- આ એપ <u>Google Play Store</u> પરથી ડાઉનલોડ કરી શકાય છે.

### 'આરોગ્ય સેતુ' એપની વિશેષતા

(1) આ એપ <u>11 ભાષાઓ</u>માં ઉપલબ્ધ છે.

(2) અન્ય વ્યક્તિ સાથે જે તે વ્યક્તિના સંપર્ક વ્યવહારની માહિતી, અદ્યતન બ્લુટૂથ ટેક્નોલોજીનો ઉપયોગ, અલગોરિધમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી આ એપ્લિકેશનમાં ચેપના જોખમની ગણતરી કરવામાં આવે છે.

(3) એકવાર આ એપ્લિકેશન સ્માર્ટ ફોનમાં ઈન્સ્ટોલ કર્યા બાદ આ એપ તેની આસપાસના 'આરોગ્ય સેતુ' એપ્લિકેશન ઈન્સ્ટોલ કરેલા અન્ય ઉપકરણોને શોધી કાઢશે. ત્યારબાદ આ એપ્લિકેશન તે સંપર્કોમાંથી કોઈને પણ પોઝિટિવ રિપોર્ટ છે કે નહિ તેના જટીલ માપદંડોને આધારે ચેપ લાગવાના જોખમની ગણતરી કરશે.

(4) આ એપ સરકારને COVID-19 ચેપ ફેલાવવાના જોખમનું આલકન કરીને આઈસોલેશન સહિતના સમયસર જરૂરી પગલાં લેવામાં મદદરૂપ થશે.

(5) આ એપની મદદથી લોકો પોતાને કોરોના વાઈરસનો ચેપ લાગવાના જોખમનું પણ આલકન કરી શકશે.

(6) આ એપ્લિકેશનની ડિઝાઈનમાં ગોપનીયતા સુનિશ્ચિત રહે તેનું સૌથી પહેલાં ધ્યાન રાખવામાં આવ્યું છે.

## ➤ COVID-19 અથવા તો કોરોના મહામારીનો સામનો કરવા માટે World Bank દ્વારા ભારતને 1 બિલિયન ડોલરની સહાય

COVID-19 અથવા તો કોરોના મહામારીનો સામનો કરવા માટે **World Bank** દ્વારા તાજેતરમાં **ભારત**ને **1 બિલિયન ડોલરનું** ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

- **વર્લ્ડ બેન્ક** દ્વારા **ભારત**ને ઉપલબ્ધ કરાવવામાં આવેલી અત્યાર સુધીની આ **સૌથી વધુ ગ્રાન્ટ** છે.
- કોરોના વાઈરસ સામે લડવા માટે વિવિધ પગલાંઓ ભરવા માટે ભારતમાં આ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવશે.
- આ ગ્રાન્ટનો ઉપયોગ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે થશે.

### World Bank

**World Bank** એ સભ્ય દેશોને લોન ઉપલબ્ધ કરાવવા માટેની **યુનાઈટેડ નેશન્સ**ની એક વિશિષ્ટ સંસ્થા છે.

- વર્લ્ડ બેન્ક દ્વારા ફક્ત **વિકાસશીલ દેશો**ને જ લોન આપવામાં આવે છે.
- વર્લ્ડ બેન્કની સ્થાપના **1944**માં થઈ હતી.
- તેનું વડું મથક **અમેરિકા**ના **વોશિંગ્ટન ડિસી** ખાતે આવેલું છે.
- **વર્લ્ડ બેન્ક**નો Motto (ધ્યેય વાક્ય) **'Working for a World Free of Poverty'** છે.

## ➤ ક્રિકેટમાં ડકવર્થ-લુઈસ પદ્ધતિના જનક શ્રી ટોની લુઈસનું નિધન



**ક્રિકેટ**માં **ડકવર્થ-લુઈસ પદ્ધતિ**ના શોધક અને **બ્રિટન**ના પ્રસિદ્ધ **ગણિતજ્ઞ શ્રી ટોની લુઈસનું** 1 એપ્રિલ 2020ના રોજ 78 વર્ષની વયે નિધન થયું છે.

- 6 જુલાઈ 1938ના રોજ **બ્રિટન**માં તેમનો જન્મ થયો હતો.
- શ્રી ટોની લુઈસે **શ્રી ફ્રેંક ડકવર્થ** સાથે મળીને **'ડકવર્થ લુઈસ પદ્ધતિ'**ની શોધ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ક્રિકેટની મેચમાં વરસાદને કારણે કોઈ મેચ સ્થગિત કરવામાં આવે ત્યારે મેચમાં વિજેતા નક્કી કરવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.
- ICC દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 1999માં આ પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

**નોંધ :** (1) ક્રિકેટ અને ગણિતમાં વિશિષ્ટ પ્રદાન માટે શ્રી ટોની લુઈસને બ્રિટિશ સામ્રાજ્યના વિશિષ્ટ સન્માન MBEથી વર્ષ 2010માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

(2) ડકવર્થ લુઈસ પદ્ધતિમાં પાછળથી શ્રી સ્ટીવન સ્ટર્ને પણ પોતાનું યોગદાન આપ્યું હતું. આથી, વર્ષ 2014થી આ પદ્ધતિ 'ડકવર્થ-લુઈસ-સ્ટર્ન મેથડ' તરીકે ઓળખાય છે.

## ICE Questions

1. કોરોનાના કેસોને ટ્રેક કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?

(A) COVID-19 (B) IND COVID-19
(C) Aarogya Raksh (D) Aarogya Setu **(D)**

2. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી 'આરોગ્ય સેતુ' નામની એપના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. કોરોના વાઈરસ સામે લડવા માટે આ એપ ઉપયોગી છે.
2. કેન્દ્ર સરકાર દ્વારા PPP મોડેલ અંતર્ગત આ એપ વિકસાવવામાં આવી છે.
3. આ એપ 11 ભાષાઓમાં ઉપલબ્ધ છે.
4. આ એપ Google Play Store પરથી ડાઉનલોડ કરી શકાય છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4 **(A)**

3. COVID-19 સામે લડવા માટે વર્લ્ડ બેન્કે ભારતને કેટલા રૂપિયાની સહાય કરી છે ?

(A) 10 મિલિયન ડોલર (B) 1 બિલિયન ડોલર
(C) 10 બિલિયન ડોલર (D) 100 બિલિયન ડોલર **(B)**

4. તાજેતરમાં કોરોના મહામારી સામે લડવા માટે કઈ સંસ્થા દ્વારા ભારતને 1 બિલિયન ડોલરની સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી છે ?

(A) WEF (B) ADB
(C) UNESCO (D) World Bank **(D)**

5. ક્રિકેટમાં ડકવર્થ–લુઈસ પદ્ધતિના જનક શ્રી ટોની લુઈસનું તાજેતરમાં નિધન થયું છે... તેમના દેશનું નામ શું છે ?

(A) અમેરિકા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રિટન (D) ફ્રાન્સ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રના મજૂરો માટે રૂ. 650 કરોડના પેકેજની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રના મજૂરો માટે રૂ. 650 કરોડના સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાતના તમામ શ્રમજીવીઓના બેન્ક ખાતામાં રૂ. 1000 રોકડા જમા કરાવવામાં આવશે. સરકારના આ નિર્ણયથી કોરોના મહામારીનો સામનો કરી રહેલા ગુજરાતના 65 લાખ જેટલા ગરીબ શ્રમજીવીઓ, બાંધકામ ક્ષેત્રના શ્રમદારો અને અસંગઠિત કામદારોને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ગુજરાતના ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટ બનાવવા સરકારે યુનેસ્કોને ડોઝિયર મોકલ્યું

ગુજરાતના પ્રસિદ્ધ ઐતિહાસિક શહેર ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટ બનાવવા માટે ભારત સરકારે યુનેસ્કોને ડોઝિયર મોકલી દીધું છે. જો યુનેસ્કો તેને મંજૂરી આપશે તો ધોળાવીરા ભારતની 39મી અને ગુજરાતની ચોથી વર્લ્ડ હેરિટેજ સાઈટ બનશે. જોકે, આ વર્ષે ભારત સરકારે વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કરવા માટે ધોળાવીરા ઉપરાંત દક્કન સલ્તનતના સ્મારક એમ બે નામ મોકલ્યા છે.

## ભારત

### ➤ ફીચના અંદાજ અનુસાર વર્ષ 2020માં ભારતનો GDP 2 ટકા રહેવાની સંભાવના

એપ્રિલ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા ફીચના અંદાજ અનુસાર વર્ષ 2020 અથવા તો નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 2.0 ટકા રહેવાની સંભાવના છે. જોકે, આ અગાઉ 20 માર્ચ 2020ના રોજ પ્રસિદ્ધ થયેલા ફીચના રિપોર્ટમાં ભારતનો વૃદ્ધિ દર 5.1 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે કોરોના મહામારીને કારણે ઘટાડીને હવે 2.0 ટકા કરવામાં આવ્યો છે. આ અગાઉ મૂડીઝે પણ ભારતના GDPનો અંદાજ 5.3 ટકાથી ઘટાડીને 2.5 ટકા કર્યો હતો.

## ➤ ભારતમાં પેટ્રોલ અને ડિઝલ પર એક્સાઈઝની મર્યાદામાં વધારા અંગે Finance Actની 8મી અનુસૂચિમાં સંશોધન

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા Finance Actની 8મી અનુસૂચિમાં સંશોધન કરવામાં આવ્યું છે. આ સંશોધન દ્વારા ભારતમાં પેટ્રોલ અને ડિઝલ પર વસૂલવામાં આવતી એક્સાઈઝ ડ્યુટીની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ભારતમાં અગાઉ સરકાર પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં વધુમાં વધુ પ્રતિ લિટર 10 રૂપિયાનો અને ડિઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં વધુમાં વધુ પ્રતિ લિટર 4 રૂપિયાનો વધારો કરી શકતી હતી. આ મર્યાદા વધારીને હવે પેટ્રોલ પર 18 રૂપિયા પ્રતિ લિટર અને ડિઝલ પર 12 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે.

### ICE Questions

- ફીચના અંદાજ અનુસાર વર્ષ 2020માં અથવા તો નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 2 ટકા
- કોરોના મહામારી દરમિયાન સહાયતા કરવા માટે ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રના તમામ શ્રમિકોના ખાતામાં કેટલા રૂપિયા જમા કરાવવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ? – રૂ. 1000
- કોરોના મહામારી દરમિયાન ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રના મજૂરો માટે ગુજરાત સરકારે કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ? – રૂ. 650 કરોડ
- ગુજરાતની કઈ સાઈટનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવા માટે ભારત સરકારે ડોઝિયર મોકલ્યું છે ? – ધોળાવીરા
- ગુજરાતના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવા માટે ભારત સરકારે કઈ સંસ્થાને ડોઝિયર મોકલ્યું છે ? – યુનેસ્કો
- ભારતમાં પેટ્રોલ અને ડિઝલ પર એકસાઈઝની મર્યાદામાં વધારા અંગે Finance Actની કઈ અનુસૂચિમાં સંશોધન કરવામાં આવ્યું છે ? – 8મી અનુસૂચિ
- Finance Actની 8મી અનુસૂચિમાં સંશોધન દ્વારા પેટ્રોલ પર વસૂલવામાં આવતી એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરવાની મર્યાદા પ્રતિ લિટર રૂ. 10થી વધારીને કેટલી કરવામાં આવી છે ? – રૂ. 18
- Finance Actની 8મી અનુસૂચિમાં સંશોધન દ્વારા ભારતમાં ડિઝલ પર વસૂલવામાં આવતી એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરવાની મર્યાદા પ્રતિ લિટર રૂ. 4થી વધારીને કેટલી કરવામાં આવી છે ? – રૂ. 12

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. માર્ચ 2020 દરમિયાન અમેરિકાએ કયા દેશને અપાતી આર્થિક સહાયમાં 1 બિલિયન ડોલરનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે ? – અફઘાનિસ્તાન
(અફઘાનિસ્તાનમાં રાષ્ટ્રપતિ અને અન્ય નેતાઓ દ્વારા નવી સરકારની રચના થઈ શકી નથી. આથી, આ સંજોગોમાં અફઘાનિસ્તાનમાં અમેરિકાના રાષ્ટ્રીય હિતોને નુકસાન થવાની સંભાવના છે. આથી, આ નિર્ણય લેવાયો છે.)
2. ભારતના કયા રાજ્યમાં કોરોના વાઈરસના શંકાસ્પદ દર્દીઓની તપાસ માટે 31 ફીવર ક્લીનિક (Fever Clinic) શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – કર્ણાટક
3. કોરોના લોકડાઉન દરમિયાન ગુજરાતમાં ગુજરાત બહારથી આવીને ગુજરાતમાં રોજી રોટી માટે વસેલા શ્રમિકોને રેશનકાર્ડ ન હોય તો પણ કઈ યોજના અંતર્ગત એપ્રિલ માસનું રાશન વિના મૂલ્યે આપવામાં આવ્યું હતું ? – અન્નબ્રહ્મ યોજના
4. લોકડાઉન દરમિયાન ગુજરાતના કયા શહેરમાં 'આંગણેથી અભિવ્યક્તિ' નામની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ભાવનગર
5. ગ્રાહકોની સુરક્ષા અને ફરિયાદો માટે ગુજરાત સરકાર દ્વારા કઈ ગ્રાહક સુરક્ષા હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે ?
– ટોલ ફ્રી હેલ્પલાઈન નં. 1800-233-0222
6. કોરોના મહામારી દરમિયાન ગુજરાતના ખાનગી ક્ષેત્રના દવાખાના–કિલનિક–હોસ્પિટલોમાં કામ કરતા આરોગ્ય કર્મીઓની સુરક્ષા માટે ગુજરાત સરકારે કયા 25,000 માસ્ક વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવ્યા છે ? – N-95 માસ્ક
7. તાજેતરમાં કોરોના રહિત કયા દેશ દ્વારા 'કોરોના વાઈરસ' શબ્દ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – તુર્કમેનિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. કોરોના દર્દીની સારવાર દરમિયાન હેલ્થ કર્મીનું મૃત્યુ થવાના કિસ્સામાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસ્તિ પ્રદેશની સરકારે આવા હેલ્થ કર્મીના પરિવારને રૂ. 1 કરોડ આપવાની જાહેરાત કરી છે ? – દિલ્હી

9. ભારતમાં કોરોના મહામારી સામે લડવા ફંડ એકઠું કરવા માટે રચાયેલા 'PM CARES Fund'માં આપવામાં આવતી દાનની રકમ પર આવકવેરામાં (Income Tax)માં કેટલા ટકા મુક્તિ આપવામાં આવી છે ? – 100 ટકા

10. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ટોકયો ઓલિમ્પિક 2020 હવે કયારે યોજાશે ? – 23 જુલાઈથી 8 ઓગસ્ટ, 2021 દરમિયાન

11. તાજેતરમાં કયા દેશના રાજકુમારી સુશ્રી મારિયા ટેરેસાનું કોરોના વાઈરસથી મોત થયું છે ? – સ્પેન

(કોઈ રોયલ પરિવારના સભ્યનું કોરોના વાઈરસથી મૃત્યુ થયું હોય એવો આ પ્રથમ બનાવ છે.)

12. તાજેતરમાં કયા દેશના હેસે નામના રાજ્યના નાણા મંત્રી શ્રી થોમસ શાફરે કોરોનાથી અર્થતંત્રને થયેલાં નુકસાનની ચિંતામાં આત્મહત્યા કરી લીધી છે ? – જર્મની

13. ગુજરાતના કયા શહેરમાં કોરોના પોઝિટિવ દર્દી સાજા થયા હોવાનો ગુજરાતનો પ્રથમ કેસ નોંધાયો હતો ? – અમદાવાદ

14. કોરોના વાઈરસના 1 લાખથી વધુ પોઝિટિવ કેસ ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – અમેરિકા

15. કોરોના વાઈરસના 2 લાખથી વધુ પોઝિટિવ કેસ ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – અમેરિકા

16. કોરોના વાઈરસના 3 લાખથી વધુ પોઝિટિવ કેસ ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – અમેરિકા

17. કોરોના સામેની લડતમાં મદદ રૂપ થવા માટે તાતા જૂથ દ્વારા ભારત સરકારને કેટલો ફાળો આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ. 1000 કરોડ

18. કોરોના સામેની લડતમાં મદદ રૂપ થવા માટે તાતા ટ્રસ્ટ દ્વારા ભારત સરકારને કેટલો ફાળો આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ. 500 કરોડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**19.** **તાજેતરમાં ભારતની કઈ સંસ્થાએ 'કોરોના અભ્યાસ શ્રેણી' (Corona Study Series)ના પુસ્તકો પ્રકાશિત કરવાની જાહેરાત કરી છે ?** **– નેશનલ બુક ટ્રસ્ટ (NBT)**

**20.** **કોરોના મહામારીને કારણે ભારતમાં કેન્દ્ર સરકારે કોર્પોરેટ નાદારીની કાર્યવાહી શરૂ કરવા માટેની મર્યાદા (Insolvency Threshold) રૂ. 1 લાખથી વધારીને કેટલી કરી છે ?** **– રૂ. 1 કરોડ**

**21.** **બિનનિવાસી ભારતીઓ (NRI) ભારતમાં ચોક્કસ સરકારી બોન્ડમાં રોકાણ કરી શકે તે માટે 1 એપ્રિલ 2020થી RBI દ્વારા તેમના માટે ભારતમાં કયા નવા રુટની શરૂઆત કરવામાં આવી છે ?** **– Fully Accessible Route (FAR)**

**22.** **28 માર્ચ 2020ના રોજ ઉજવાયેલા 'અર્થ અવર 2020'ની થીમ શું હતી ?**
**– climate Change and Sustainable Development (હવામાન પરિવર્તન અને સતત વિકાસ)**

**23.** **તાજેતરમાં ભારતની કઈ સંસ્થાના ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન સેન્ટર (IDC) દ્વારા એક Portable UV Sanitiser બનાવવામાં આવ્યું છે કે જે વોલેટ, પર્સ અને અન્ય નાની વસ્તુઓને જીવાણુ રહિત બનાવી શકે છે ?** **– IIT મુંબઈ**

**24.** **ભારતમાં કોરોના લોકડાઉન દરમિયાન શહેરમાંથી પોતાના વતનમાં પાછા ફરી રહેલા મજૂરો ઉપર ભારતમાં કઈ જગ્યાએ Sodium Hypochlorite નામનું કેમિકલ છાંટવામાં આવ્યું હતું કે જે સામાન્ય રીતે સ્વિમિંગ પુલને સાફ કરવા માટે વપરાય છે ?** **– બરેલી (ઉત્તરપ્રદેશ)**

**25.** **તાજેતરમાં માર્ચ 2020 દરમિયાન COVID-19 સામે લડવા માટે કયા દેશની અધ્યક્ષતામાં G-20 Virtual Summitનું આયોજન થયું હતું ?** **– સાઉદી અરેબિયા**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT